ખેડા-આણંદ

II SANDESH

AHMEDABAD FRIDAY, 26•04•2024

# NDDBએ PNB સાથે MOU કર્યા કરાર પાંચ વર્ષ માટે અમલી રહેશે

## એનડીડીબીની માળખાકીય જરૂરિયાત માટે બેંક લોન આપશે




। આણંદ । (સં.ન્યૂ.સ.)

આણંદ મિલ્ક યુનિયનો/ ફેડરેશનો, મલ્ટિ-સ્ટેટ કો-ઓપરેટિવ, ઉત્પાદક કંપનીઓ જેવી ઉત્પાદકોની માલિકીની સંસ્થાઓ અને એનડીડીબીની સહાયક કંપનીઓ સહિત સહકારી ક્ષેત્રમાં કાર્યરત લાભાર્થી સંગઠનો (બીઓ)ને ધિરાણ પૂરૂ પાડવા માટે નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (એનડીડીબી)એ પંજાબ નેશનલ બેંક (પીએનબી)ની સાથે મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડીંગ (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા છે. એનડીડીબીના એક્ઝિક્યુટીવ ડિરેક્ટર એસ. રઘુપતિ અને પીએનબીના જનરલ મેનેજર દિપાંકર મહાપાત્રાએ એનડીડીબીના ચેરમેન મિનેશ શાહની ઉપસ્થિતિમાં આ એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા. આ કરાર ૫ વર્ષ માટે લાગુ રહેશે.

આ પ્રસંગે ચેરમેન મિનેશ શાહે જણાવ્યું હતું કે, બંને સંગઠનો વચ્ચે સાંધવામાં આવેલા આ સહકારથી દૂધ અને દૂધના ઉત્પાદનોની વધતી જઈ રહેલી માંગને કારણે પેદા થયેલા પડકારોના સ્થાયી અને નવીન પ્રકારના ઉકેલો શોધવાના અમારા પ્રયાસો વધુ સમૃદ્ધ બનશે. પાત્ર બીઓને ધિરાણ પ્રાપ્ત થાય તે માટે ડેરી બોર્ડ પીએનબી સમક્ષ આવી બીઓને સમર્થન પૂરૂ પાડશે તથા મૂલ્યાંકન રિપોર્ટ કરવા માટે ટેકનિકલ સપોર્ટ અને સલાહ-સૂચનો પણ આપશે. વધુમાં એનડીડીબી કન્સલ્ટન્સી એગ્રીમેન્ટ હેઠળ એનડીડીબી દ્વારા હાથ ધરવામાં આવી રહેલા પ્રોજેક્ટસ માટે પીએનબીને પીરિયોડિક પ્રોસેસ રિપોર્ટ સોંપશે.

પીએનબી નીચા વ્યાજદરોએ નાણાકીય સહાય પૂરી પાડશે તથા કેન્દ્ર/રાજ્ય સરકારોની યોજના હેઠળ વ્યાજસહાય ઉપલબ્ધ છે કે નહીં તેની પણ જાણકારી મેળવશે.